# FAQ-માધ્યમિક– ૨૦૨૪

**1. માધ્યમિક વિભાગ માટે શિક્ષણ સહાયક તરીકે અરજી કરવા માટે કમ્પ્યુટરની બેઝિક લાયકાત અન્વયે કેવુ પ્રમાણપત્ર રજૂ કરવાનુ રહે ?**

કમ્પ્યુટરની લાયકાત ફરજિયાત છે. કમ્પ્યુટરની લાયકાત અન્વયે જે ઉમેદવારોએ ધોરણ–૧૦/ધોરણ–૧૨/શૈક્ષણિક અને વ્યાવસાયિક સ્નાતક/અનુસ્નાતક કક્ષાએ કમ્પ્યુટર વિષય તરીકે પાસ કરેલ હોય તો તે કમ્પ્યુટરની બેઝીક લાયકાત તરીકે માન્ય રહેશે. જો ઉક્ત લાયકાતોમાં કમ્પ્યુટર વિષય તરીકે ન હોય તો, ઉમેદવારે સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ના ઠરાવ મુજબ કમ્પ્યુટરની બેઝિક જાણકારી અંગેનુ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

**2. જ્ઞાન સહાયક તરીકે જોડાયેલા ઉમેદવારોએ NOC આપવાનુ રહેશે ?**

જ્ઞાન સહાયક તરીકે જોડાયેલા ઉમેદવારોએ NOC આપવાનુ રહેશે નહી**,**પરંતુ વેબસાઇટ પર મૂકવામાં આવેલ નિયત નમૂનાનું સ્વ–ઘોષણાપત્ર સાદા કાગળ પર રજૂ કરવાનું રહેશે. (કોઈ પણ સરકારી વિભાગમાં ફરજ બજાવતા ન હોય તે ઉમેદવારોએ/કરાર આધારિત નિમણૂક ધરાવતા ઉમેદવારોએ રજૂ કરવાનું સ્વ–ઘોષણાપત્ર.)

**3. માધ્યમિક વિભાગ માટેની TAT પરીક્ષા બાદ મેળવેલ લાયકાતો ગ્રાહ્ય રાખવામાં આવશે કે કેમ?**

સરકારી/રજિસ્ટર્ડ બિન સરકારી અનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ માટેની દ્વિસ્તરીય શિક્ષક અભિરૂચિ કસોટી TAT(SECONDARY) પરીક્ષા -૨૦૨૩ આપવા માટેની નિયત થયેલ શૈક્ષણિક લાયકાત – શૈક્ષણિક સ્નાતક + વ્યવસાયિક સ્નાતક છે. જેથી, આ બંને માંથી કોઇ પણ લાયકાત TAT પરીક્ષા બાદ મેળવેલ હોય તો તે ગ્રાહ્ય રાખી શકાય નહી.પરંતુ દ્વિસ્તરીય શિક્ષક અભિરૂચિ કસોટી TAT(SECONDARY)ના જાહેરનામા અન્વયે જે ઉમેદવારો શૈક્ષણિક વર્ષ –૨૦૨૨–૨૩ દરમિયાન તાલીમી લાયકાતના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા હોય તે ઉમેદવારોને ફોર્મ ભરવાની મંજૂરી આપવામાં આવી હોવાથી આવા ઉમેદવાર જો યોગ્ય લાયકાત ધરાવતા હશે તો ફોર્મ ભરી શકશે.

**4. ડોક્યુમેન્ટ વેરીફીકેશન ક્યારે અને ક્યાં કરાવવાનું ?**

પ્રોવિઝનલ મેરીટ લિસ્ટ–૧(PML-1) જાહેર કર્યા બાદ તેમાં જે ઉમેદવારોનો પ્રોવિઝનલ મેરીટ લિસ્ટ–૧ (PML-1)માં સમાવેશ થશે તેઓને તે અંગેની જાણ SMS/વેબસાઇટના માધ્યમથી કરવામાં આવશે. ત્યાર બાદ ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં પસંદ કરવામાં આવેલ જે–તે જિલ્લાના ડોક્યુમેન્ટ વેરીફીકેશન સ્થળ પર અત્રેથી સૂચવેલ સમયે ડોક્યુમેન્ટ વેરીફીકેશન કરાવવાનું રહેશે. **ડોક્યુમેન્ટ વેરીફીકેશન ન કરાવનાર ઉમેદવારોની ઉમેદવારી આપોઆપ રદ થશે.**

**5. Document verification માટે સેલ્ફ અટેસ્ટેડ કોપી ચાલશે કે ગેઝેટેડ ઓફિસર પાસે અટેસ્ટેડ કરાવવી પડશે?**

Document verification માટે સેલ્ફ અટેસ્ટેડ કોપી ચાલશે તેમજ ગેઝેટેડ ઓફિસર પાસે કરાયેલ પ્રમાણિત નકલ પણ ચાલશે.

**6. સરકારી/ગ્રાન્ટ–ઈન–એઈડ શાળામાં નોકરી કરતા ઉમેદવારે NOC ક્યાંથી મેળવવું ?**

હાલ સરકારી અથવા રજિસ્ટર્ડ બિન સરકારી અનુદાનિત પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સેવા બજાવતા હોય તેવા વિદ્યાસહાયકો/શિક્ષણ સહાયકો/મદદનીશ શિક્ષકો આ ભરતીમાં અરજી કરવા માંગતા હોય તો તેવા ઉમેદવારોએ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પીઆરઈ/૧૧૨૦૧૭/સીંગલ ફાઈલ–૬/ક, તા.૨૨/૩/૧૭ની જોગવાઈ મુજબ નિમણૂક સત્તાધિકારી પાસેથી સદર જાહેરાત બાદનું(તા.૧૦/૧૦/૨૦૨૪ પછીનું) અત્રેથી સૂચવેલ નિયત નમૂનામાં NOC મેળવ્યા બાદ જ અરજી કરવાની રહેશે. સૂચવ્યા મુજબની NOC રજૂ ન કરનાર ઉમેદવાર સદર ભરતી પ્રક્રિયામાં ઉમેદવારી નોંધાવવાને હક્કદાર રહેશે નહી.(NOC નો નમૂનો વેબસાઈટ પર ઉપલબ્ધ છે.)

**7. શિક્ષણ વિભાગ સિવાય સરકારના અન્ય વિભાગ/બોર્ડ/નિગમમાં ફરજ બજાવતાં કર્મચારીએ "ના વાંધા પ્રમાણપત્ર" NOC રજૂ કરવાનું છે?**

હા, શિક્ષણ વિભાગ સિવાય સરકારના અન્ય વિભાગ/બોર્ડ/નિગમમાં ફરજ બજાવતાં કર્મચારીએ જ્યા ફરજ બજાવતા હોય તે વિભાગ માંથી નિમણૂક સત્તાધિકારી પાસેથી "ના વંધા પ્રમાણપત્ર" NOC મેળવી ફરજિયાત રજૂ કરવાનું રહેશે.

**8. ગ્રાન્ટ–ઈન–એઈડ શિક્ષણ સહાયક ભરતી માટે વય મર્યાદા લાગુ પડે ?**

ગ્રાન્ટ–ઈન–એઈડ શિક્ષણ સહાયક ભરતી માટે વય મર્યાદા લાગુ પડતી નથી. પરંતુ ઉમેદવારની વય નિમણૂક સમયે ૫૮ વર્ષથી વધુ હોવી જોઈએ નહી.

**9. બધી લાયકાતો માટે માર્કશીટ, ટ્રાયલ સર્ટી અને ડીગ્રી પ્રમાણપત્ર રજૂ કરવા ફરજીયાત છે ?**

હા, પ્રોવિઝનલ મેરિટ–૧ માં સમાવેશ થયેલ ઉમેદવારોએ ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે નિયત શૈક્ષણિક લાયકાતોની ચકાસણી માટે માર્કશીટ, ટ્રાયલ સર્ટી અને ડીગ્રી પ્રમાણપત્ર ફરજિયાત રજૂ કરવાનું રહેશે.

**10. Online ફોર્મમાં CGPA/SGPA/CPI/GRADE ને ટકા/ગુણ માં કેવી રીતે દર્શાવવા? (GTU/B.E./B.Tech./અન્ય માન્ય યુનિવર્સિટી)**

**a.** ઉમેદવારના ગુણપત્રકમાં મેળવેલ ગુણ કુલ ગુણ દર્શાવેલ હોય તે અરજી ફોર્મમાં દર્શાવવાના રહેશે.

**b.** ટકા દર્શાવ્યા હોય તો તેને ગુણમાં રૂપાંતરીત કરી દર્શાવવાના રહેશે દા.ત. ૫૮.૫ ટકા હોય તો કુલ ગુણ ૧૦૦૦ અને મેળવેલ ગુણ ૫૮૫ એ રીતે દર્શાવવાના રહેશે.

**c.** જો આ બંનેમાંથી કાંઇ દર્શાવેલ ન હોય તો સંબંધિત યુનિવર્સિટી અથવા કોલેજ પાસેથી કુલ ગુણ મેળવેલ ગુણનું પ્રમાણપત્ર મેળવી તે મુજબ અરજી ફોર્મમાં દર્શાવવાના રહેશે.

**11. ભરાઇ ગયેલા ફોર્મ માં પાછળથી વિગત સુધારવા શું કરી શકાય ?**

**a.** અરજી કર્યા બાદ ઉમેદવાર ફી ભરે ત્યાં સુધી અરજીની વિગતો edit કરી શકશે. અરજી ફી ભર્યા બાદ ઉમેદવારની અરજી કન્ફર્મ (submit) થયેલ ગણાશે અને ત્યારબાદ ઉમેદવારની અરજીની વિગતો ફ્રિઝ થશે અને તેમાં સુધારો કરી શકશે નહિં.

b. અરજી કન્ફર્મ (submit) થયા બાદપણ ઉમેદવારને અરજીમાં ક્ષતિ ધ્યાને આવે અને વિગતો edit કરવાની જરૂરીયાત જણાય તો ઉમેદવાર Home Page પર Withdraw Application ટેબ દ્વારા પોતાની અરજી Withdraw કરી શકશે. અરજી Withdraw કરતા સમયે ઉમેદવારના

મોબાઈલ પર OTP આવશે. જે એન્ટર કરતાં અરજી Withdraw થઈ જશે. ત્યારબાદ ઉમેદવારે Home Screen પર New Application ટેબ દ્વારા નવેસરથી અરજી કરવાની રહેશે અને પુન: ફી ભરી અરજી કન્ફર્મ (submit) કરવાની રહેશે.

**12. ઉમેદવાર TAT -2023ના ફોર્મ ભરતી વખતે લખેલ કેટેગરી બદલી શકશે?**

ઉમેદવાર પાસે સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર હશે તો તે TAT -2023ના ફોર્મ ભરતી વખતે લખેલ કેટેગરી બદલી શકશે.પરંતુ એક વખત ફોર્મ અને ફી ભરી દીધા બાદ કોઈપણ ઉમેદવાર પોતાની કેટેગરી બદલી શકશે નહી.

**13. ડોક્યુમેન્ટ વેરિફિકેશન વખતે માન્ય જાતિનું પ્રમાણપત્ર રજૂ ન કરનાર ઉમેદવારની અરજી રદ થશે?**

ડોક્યુમેન્ટ વેરિફિકેશન વખતે માન્ય જાતિનું પ્રમાણપત્ર રજૂ ન કરનાર ઉમેદવારોને અનામતનો લાભ મળવાપાત્ર થશે નહી અને તેઓને જનરલ કેટેગરીના ઉમેદવાર તરીકે ગણવામાં આવશે.

**14. ઉમેદવારના નામ, અટક કે જન્મતારીખમાં ફેરફાર કરાવેલ હોય તો કયા અધારો માન્ય ગણાશે?**

ઉમેદવારના નામ, અટક કે જન્મતારીખમાં ફેરફાર કરાવેલ હોય તો સોગંદનામું / સરકારી ગેઝેટની નકલ(નામ, અટક કે જન્મતારીખમાં મોટો તફાવત હોય તેવા કિસ્સામાં)/પરિણીત મહિલા ઉમેદવાર માટે લગ્ન નોંધણી પ્રમાણપત્રની નકલ રજૂ કરવાની રહેશે. (નામ, અટક કે જન્મતારીખમાં મોટો તફાવત હોય તેવા કિસ્સામાં સરકારી ગેઝેટમાં સુધારાની પ્રક્રિયા ચાલુ હોય તો, ઉમેદવાર ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે તે અંગેના આધાર રજૂ કરી શકશે,પરંતુ નિમણૂક સમયે અસલ સરકારી ગેજેટ રજૂ કરવાનુ રહેશે.

**15. દ્વિસ્તરીય TAT–2023માં સમાન ગુણના કિસ્સામાં મેરીટ કેવી રીતે તૈયાર થશે?**

દ્વિસ્તરીય TAT–2023માં સમાન ગુણના કિસ્સામાં મેરીટ યાદી તૈયાર કરતા સમયે
રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવેલ દ્વિસ્તરીય શિક્ષક અભિરૂચિ કસોટી TAT(SECONDARY) -૨૦૨૩ની મુખ્ય પરીક્ષામાં મેળવેલ ગુણને આધારે અરજી કરેલ ઉમેદવારોની મુખ્ય પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે. દ્રીસ્તરીય TAT(SECONDARY)-૨૦૨૩ પરીક્ષામાં મેળવેલ સમાન ગુણના કિસ્સામાં ઉમેદવારનો મેરીટ ક્રમ નક્કી કરવા માટે જે ઉમેદવાર વયસ્ક હશે તેને અગ્રિમતા રહેશે.એક સમાન ગુણ અને જન્મતારીખના કિસ્સામાં ક્રમશ: અરજદારના નામ,અટક અને માતાના નામના પ્રથમ અક્ષરના (આલ્ફાબેટિક ક્રમ) આધારે અગ્રીમતા નક્કી કરવામાં આવશે.